દિવ્ય ભાસ્કર

વાપી ભાસ્કર 06-07-2020

ભાસ્કર વિશેષ | અંભેટી કૃષિ કેન્દ્રની તાલીમ અને સહાયથી ઘર બેઠા આવક મેળવી હતી

# મહિલાઓએ ટેરેસ પર શાકભાજીના ઘરૂ ઉછેર્યા

ભાસ્કર ન્યૂઝ | વાપી

વલસાડમાં કપરાડા તાલુકાના અંભેટી ગામ સ્થિત કાંપરીયા ફળિયામાં રહેતી મહેશ્વરીબેને નાની સરખી સહાય અને પોતાની મહેનત થકી પૂરક આવક ઊભી કરી છે.

મહેશ્વરીબેન જણાવે છે કે, તેઓ હરીઓમ સખીમંડળનું સંચાલન છેલ્લા 10 વર્ષથી કરી રહ્યા છે. મહિલાઓ ઘરકામની સાથે સ્વનિર્ભર બને અને પરિવારનું ગુજરાન ચલાવવામાં આર્થિક સહાયરૂપ બને તે હેતુસર અંભેટી કૃષિ વિજ્ઞાન કેન્દ્રમાં ખેતીલક્ષી સહિત અન્ય વિવિધ તાલીમો અપાતી હોવાની જાણ કૃષિ વિજ્ઞાન કેન્દ્રના પ્રોગ્રામ આસીસ્ટન્ટ પ્રેમીલાબેને આહિરે કરી હતી. ગ્રૂપની બાર બહેનોને જાણ કરતાં તેઓ તાલીમ મેળવવા રાજી થયા હતા. ચાર વર્ષ પહેલાં નર્સરી વ્યવસ્થાપનની તાલીમ લીધી હતી. તાલીમ બાદ 25 ટ્રેમાં વાવેતરની શરૂઆત કરી હતી. આજે હું 400 કરતાં પણ વધુ ટ્રેમાં રીંગણ, મરચી અને ટામેટાના બિયારણનું વાવેતર કરી રહી છું. રીંગણના બિયારણની વાત કરીએ તો એક પેકેટમાં આશરે 1700ની આસપાસ બી હોય છે. જેની કિંમત 150 રૂપિયા જેટલી છે. આ ઉપરાંત 20 કિલો વર્મીકમ્પોસ્ટ ખાતર 100 રૂપિયા અને કોકોપીટ 50 રૂપિયા તેમજ ફૂગનાશક જેવી અન્ય સહાયક સામગ્રી મળી કુલ 450રૂપિયાનો ખર્ચ થાય છે. 35 દિવસમાં છોડ તૈયાર થઇ જાય છે. ત્યારબાદ એક છોડ દોઢ રૂપિયામાં વેચાણ થતાં અંદાજે અઢી હજારની આવક મળે છે.

મરચી અને ટામેટામાં પણ બે થી અઢી હજારનો નફો એક પેકેટમાં થાય છે. આમ મહિને 7થી 10 હજારનો ચોખ્ખો નફો મળી રહે છે. અમારે છોડના વેચાણ માટે કોઇ માર્કેટિંગની પણ જરૂરિયાત રહેતી નથી, જેમને જરૂર હોય તે ઘરે આવીને લઇ જાય છે.



## ઓછી મહેનત અને ખર્ચે સારી આવક મળે

“જિલ્લાના નાના ખેડૂતોને ગુણવત્તાસભર રોપાઓ મળે તે માટે કૃષિ કેન્દ્ર દ્વારા નર્સરી વ્યવસ્થાપનની ચાર દિવસની તાલીમ અપાઇ છે. ત્રણ દિવસ પ્રેક્ટિકલ અને ચોથા દિવસે નર્સરીની મુલાકાત કરાવાય છે. નર્સરીનો વ્યવસાય ઓછી મહેનત અને ઓછા ખર્ચે સારી આવક આપનારો છે. અત્યાર સુધી 100 મહિલાને તાલીમ આપી છે. જે બહેનો પાસે જગ્યા નથી, તેવી બહેનો પોતાના ધાબા ઉપર પણ કામગીરી કરી રહી છે.” **પ્રેમિલા આહિર**, પ્રોગામ ઓફિસર -અંભેટી કૃષિ વિજ્ઞાન કેન્દ્ર